ક્રમાંક: બમશ/૧૧૨૦૨૨/૧૦૫૪/ગ
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૯/૦૨/૨૦૨૨.

કમિશનર શાળાઓની કચેરી
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
22 FEB 2022
5084

પ્રતિ,
કમિશ્નરશ્રી,
શાળાઓની કચેરી,
બ્લોક નં.૯/૧, ડો.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

વિષય: રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીઓની બઢતી બાબત.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષયના અનુસંધાને જણાવવાનું કે, રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કર્મચારીઓને વિભાગના તા.૧૬/૦૮/૨૦૧૭ના ઠરાવથી સાતમાં પગારપંચની ભલામણો અન્વયે પગાર સુધારણાનો લાભ આપવામાં આવેલ છે. આ ઠરાવની શરત નં.૧૦માં વર્ગ-૩ની તમામ જગ્યાઓ લેખિત પરીક્ષાની જોગવાઈ કરેલ હોઈ, વિભાગના તા.૦૬/૦૩/૨૦૧૮ના અ.સ.પત્ર ક્રમાંક:બમશ/૧૧૨૦૧૮/૧૩૦૯૫૨/ગ થી રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક અને આચાર્ય સંવર્ગ સિવાયના અન્ય કોઈ પણ સંવર્ગ પર કોઈને પણ નિમણૂંક આપવી નહી કે આ જગ્યાઓ કે જગ્યા ભરવા કોઈને પણ "ના વાંધા પ્રમાણપત્ર" આપવું નહી તેવી સૂચના આપવામાં આવેલ છે. જેના અનુસંધાને વર્ગ-૩ની જગ્યાઓ સીધી ભરતીથી લેખિત પરીક્ષાથી ભરવાની બાબત વિભાગની વિચારણા હેઠળ છે. વધુમાં, વિભાગ દ્વારા રાજ્યની બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીઓ માટે ખાતાકીય પરીક્ષાનું સત્વરે આયોજન કરવા રાજ્ય પરીક્ષા બોર્ડને સૂચના આપેલ છે.આથી, વિભાગના તા.૦૬/૦૩/૨૦૧૮ના અ.સ.પત્ર અન્વયે બઢતી અંગેના તમામ ધોરણો(ખાતાકીય પરીક્ષા સહિત) સંતોષતા હોય તેવા ઉમેદવારોને જુનિયર કારકુનમાંથી સિનિયર કારકુન અને સિનિયર કારકુનમાંથી મુખ્ય કારકુનમાં બઢતી આપવાની નિયમાનુસારની કાર્યવાહી કરવા વિનંતી છે.

આપની વિશ્વાસુ

(જે.એચ.હેડંબા)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

ક્રમાંક:ઉમશ/ઉમા.૦૨/૨૦૨૨/ 1513-1556
કમિશનર શાળાઓની કચેરી,
બ્લોક નં.૯/૧ ડો.જી.મ.ભવન,
ગુ.રા.,ગાંધીનગર, તા. 9 /૦૩/૨૦૨૨

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ (જાણ સારૂ)

નાયબ શિક્ષણ નિયામક
(૧૦+૨)
ગુ.રા., ગાંધીનગર